**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧** **(કુલ ગુણ : ૧૦૦)**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૧૮)

૧. કારિયાણી ૧૦ પ્રમાણે પરમ કલ્યાણનું કારણ
૨. રાજનીતિના દૃષ્ટાંતે સાધના માર્ગમાં બળવાન થવાનો ઉપાય
૩. મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.
૪. કારિયાણી ૧૨ પ્રમાણે મનને સ્થિર કરવાનો ઉપાય
૫. અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. ભગવાનના ભક્તની ........ તે તો ભક્તિરૂપ છે.
૨. અને અમારી પ્રકૃતિ એમ છે ........ કુરાજીપો થતો નથી.
૩. અને જેને નિષ્કામી વર્તમાન ........ કરી સેવા ગમે છે.
૪. માટે જેને ભગવાનને ........ એ પ્રતિનું લક્ષણ છે.
૫. વૈરાગ્યહીન હોય તે ........ કૃપાએ કરીને ટળે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના 'વચનામૃત'ને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. નિયમ ૨. સ્વભાવ જીતવાનો ઉપાય ૩. ભક્તિ

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. શેમાં રહીને જીવ લીલો પલ્લવ થતો નથી ?
૨. કોને ભમરી બુડાડી દે ?
૩. સુખિયા થવા માટે શું બરાબર કોઈ નથી ?
૪. ભગવાન સાધુમાં રહીને કેવું સુખ આપે છે ?
૫. કોને પ્રકૃતિપુરુષના કાર્યમાં વૃત્તિ ન રહી ?
૬. સંપ રાખવાથી શું થાય ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૭)

૧. આજ ................. નો મહિમા મુખ થકી કહેવાય (સત્સંગ, પ્રાપ્તિ, મહારાજ)
૨. એક .................... નામ બોલાવો ન શીખ્યો તો શીખ્યો સર્વે ગયો ધૂર મેં. (રામ, કૃષ્ણ, ઘનશ્યામ)
૩. ................. વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે. (નટની માયાના, તેજના, સ્વરૂપનિષ્ઠાના)
૪. તમારા ............... સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો. (નેત્રકમળ, મુખારવિંદ, ચરણાવિંદ)
૫. મહાપ્રભુ નામે એક સાધુ હતા તે .................. માં બંધાણા. (સ્ત્રી, ગાયું, ઝોળી)
૬. લાખ મણ લોઢાની લોઢીને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો ........................... દિવસ સુધી હવેલી જેવી છોળ્યું ઉછળે. (દસ-વીસ, પંદર-પચ્ચીસ, દસ-પંદર)
૭. સારામાં સારું તો આ .................. ને આ સાધુનો સંબંધ થયો છે. (ઈશ્વર, ભગવાન, સાધુ)

**(ક) 'સ્વામીની વાતો'ના અભ્યાસક્રમના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. બ્રહ્મસ્થિતિને પામવાનો માર્ગ
૨. સત્પુરુષનો મહિમા
૩. બ્રાહ્મણના મનસૂબા ખોટા થયા

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીએ કરાવેલું સ્વરૂપ દર્શન
૨. શ્રીહરિએ પ્રારંભેલું સમાધિ પ્રકરણ
૩. ''ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ.'' નીલકંઠ વર્ણીના જીવનમાં ચરિતાર્થ થતી ઉક્તિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. નીલકંઠનું બદરિનાથમાં રોકાણ
૨. દક્ષિણની યાત્રાએ નીલકંઠ વર્ણી
૩. સેવાનો પર્યાય : સરજૂદાસ
૪. શીતળદાસ અને દિનમણિ શર્માને દીક્ષા : શ્રીહરિનું તેમાંથી ઉપસતું વ્યક્તિત્વ

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૨(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૮૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**